Surat Municipal Corporation
e-Magazine
Issue 48
April 21, 2006

## યુ.સી.ડી. વિભાગ ધ્વારા ધ્વાકુઆ જુથોને વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાના તાલીમ વર્ગ

સુરત મહાનગરપાલિકા વિસ્તારના શહેરી ગરીબ પરિવારો પૈકી યુ.સી.ડી. વિભાગ ધ્વારા રચાયેલ રાંદેર, આંજણા, રૂદરપુરા, ઉધના વિગેરે વિસ્તારોમાં ધ્વાકુઆ જુથોને વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાના તાલીમના પ્રથમ બેચને બેંક ઓફ બરોડાના તાલીમ કેન્દ્ર ધ્વારા આપવામાં આવેલ છે. પૂણા કુંભારીયા ખાતે એપીએમસી માર્કેટમાં આવેલ ઉકત તાલિમ કેન્દ્રના ડાયરેકટરશ્રી વશી સાહેબ માર્ગદર્શન હેઠળ વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાની થિયરી તથા પ્રેકટીકલ વર્ગના પૂર્ણાહુતિ તા.૪–૪–૨૦૦૬ના રોજ થયેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ

તા. ૯–૪–૨૦૦૬ થી તા. ૧૨–૪–૨૦૦૬ દરમ્યાન સઘન પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમની સેન્ટ્રલ ઝોનની ઉદઘાટનવિધિ તા. ૯–૪–૨૦૦૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મા. અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન ધનેશકુમાર રાણા, રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ, સુરત મહાનગરપાલિકાના વરદહસ્તે કડીવાલા એન્ડ બુનકી અર્બન હેલ્થ સેન્ડર અને મે. હોમ, રૂસ્તમપુરા મેઈન રોડ ખાતે રાખવામાં આવી હતી. જેમાં સેન્ટ્રલ ઝોનના પદાધિકારીશ્રીઓ તથા ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી એચ.એસ.દેસાઈ, ઝોનલ ઓફિસરશ્રી ડી.એમ.જરીવાલા, આસી. આરોગ્ય અધિકારી ડો. પી.એચ.ઉમરીગર વિગેરે હાજર રહયા હતા....



વધુ માટે કલીક કરો >>>>>>



## ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪–૪–૨૦૦૬ના રોજ સવારે ૮.૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૬

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા દ્વારા તા:૦૯/૦૪/૨૦૦૬ થી તા:૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ પલ્સ ઈમ્યુ નાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) પર, પાંચ વર્ષ સુધીના કુલ ૨,૯૨,૦૫૧ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા,ત્રીજા,ચોથા દિવસે ઘરે ઘર ફરીને ૧,૬૬,૮૦૭ બાળકો ને પોલીયોની રસી પીવડાવવામાં આવી ...



વધુ માટે કલીક કરો >>>>>>

## યુ.સી.ડી. વિભાગ ધ્વારા ધ્વાકુઆ જુથોને વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાના તાલીમ વર્ગ

સુરત મહાનગરપાલિકા વિસ્તારના શહેરી ગરીબ પરિવારો પૈકી યુ.સી.ડી. વિભાગ ધ્વારા રચાયેલ રાંદેર, આંજણા, રૂદરપુરા, ઉધના વિગેરે વિસ્તારોમાં ધ્વાકુઆ જુથોને વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાના તાલીમના પ્રથમ બેચને બેંક ઓફ બરોડાના તાલીમ કેન્દ્ર ધ્વારા આપવામાં આવેલ છે. પૂણા કુંભારીયા ખાતે એપીએમસી માર્કેટમાં આવેલ ઉકત તાલિમ કેન્દ્રના ડાયરેકટરશ્રી વશી સાહેબ માર્ગદર્શન હેઠળ વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાની થિયરી તથા પ્રેકટીકલ વર્ગના પૂર્ણાહુતિ તા.૪–૪–૨૦૦૬ના રોજ થયેલ. આસી. ડાયરેકટરશ્રી ચુનીભાઈ ચોટલીયાએ આ ધ્વાકુઆ જુથો બહેનોને તાલીમ બાદ ખૂબ સરળ રીતે તેનો લાભ લઈ શકે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાંતશ્રી મહેશભાઈ પટેલે સમગ્ર જુથને તાલીમ આપેલ અને શહેરી ગરીબોને આવા જુથો બનાવી વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવાથી શહેરમાં થતી ગંદકી નિવારવા સાથે તેમને નાણાંકીય રૂપાંતર (ખાતર)ની પ્રક્રિયા ગ્રાસરૂટ લેવલથી અમલમાં મુકી શકાય તે પ્રમાણે સુર્દિઘ તાલીમ પણ આપવામાં આવેલ હતી. આ તાલીમને સફળ બનાવવા માટે યુ.સી.ડી. વિભાગના બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહત્વનો ફાળો આપેલ છે. ધ્વાકુઆ જુથોની ૪૦ જેટલી બહેનોએ આ પ્રથમ બેચની સફળતાપૂર્વક તાલીમ લીધેલ અને શહેરી ગરીબી પરિવારોના બહેનોના જુથ ધ્વારા સૌ પ્રથમ ૪ ઝોનની અંદર વર્મી કોમ્પોસ્ટ ખાતર બનાવવા પ્રાથમિક તૈયારી દર્શાવેલ છે અને સુરત મહાનગરપાલિકાએ પણ ઉદ્યાનમાં કે અન્ય જગ્યામાં ઉત્પાદન કરવા જગ્યા ફાળવવા તૈયારી દર્શાવેલ છે. જેથી આ સફળ તાલિમ બાદ ટુંક સમયમાં ઉત્પાદન પણ શરૂ કરવામાં આવશે.

TOP

## પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ

તા. ૯–૪–૨૦૦૬ થી તા. ૧૨–૪–૨૦૦૬ દરમ્યાન સઘન પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમની સેન્ટ્રલ ઝોનની ઉદઘાટનવિધિ તા. ૯–૪–૨૦૦૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મા. અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન ધનેશકુમાર રાણા, રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ, સુરત મહાનગરપાલિકાના વરદહસ્તે કડીવાલા એન્ડ બુનકી અર્બન હેલ્થ સેન્ડર અને મે. હોમ, રૂસ્તમપુરા મેઈન રોડ ખાતે રાખવામાં આવી હતી. જેમાં સેન્ટ્રલ ઝોનના પદાધિકારીશ્રીઓ તથા ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી એચ.એસ.દેસાઈ, ઝોનલ ઓફિસરશ્રી ડી.એમ.જરીવાલા, આસી. આરોગ્ય અધિકારી ડો. પી.એચ.ઉમરીગર વિગેરે હાજર રહયા હતા.




TOP

## ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪–૪–૨૦૦૬ના રોજ સવારે ૮.૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દલિતોના મસીહા, ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુરતના પ્રથમ નાગરિક મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ સૂતરની આંટી અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ તથા અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી.



અંતમાં સૌએ ડો. બાબાસાહેબને સલામી આપીને અંજલિ આપવામાં આવી હતી. ડો. બાબાસાહેબ આંબેડકર " અમર રહો " ના નારાથી વાતાવરણ ગૂંજી ઉઠયું હતું.

## સુરત મહાનગરપાલિકા
## બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૬

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ૦૯/૦૪/૨૦૦૬ થી તાઃ૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ પલ્સ ઈમ્યુ નાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) પર,પાંચ વર્ષ સુધીના કુલ ૨,૯૨,૦૫૧ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા,ત્રીજા,ચોથા દિવસે ઘરે ઘર ફરીને ૧,૬૬,૮૦૭ બાળકો ને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આમ સુરત મહાનગરપાલિકા વિસ્તારના પાંચ વર્ષ સુધીના ૪,૫૭,૦૦૦ બાળકોના લક્ષ્યાંક સામે ચાર દિવસની કામગીરી મળીને કુલ ૪,૫૮,૮૫૮ બાળકોને પોલીયોની રસી પીવડાવી ૧૦૦.૪૧ % સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.




નેશનલ પલ્સ ઈમ્યુનાઈઝેશન પોગ્રામની કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાર્યક્રમમાં ભાગ લેનાર મ્યુ.પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો, સુરત ન. પ્રા. શિ. સમિતિના શિક્ષકો, સ્મીમેર, ગવર્નમેન્ટ કોલેજના મેડીકલ સ્ટુડન્ટસ, લોખાત હોસ્પિટલના ડી. એમ. એલ. ટી. સ્ટુડન્ટસ/ગવર્નમેન્ટ, મિશન હોસ્પી. તથા લોખાતના નર્સીંગ સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પીટલ તથા અશકતા હોસ્પીટલની નર્સ બહેનો, યુ.સી.ડી., નવ સર્જન ટ્રસ્ટ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં–સેવકો, સ્થાનીક કાર્યકરોએ કાર્યક્રમમાં સહભાગી થઈ સફળ બનાવેલ છે. તેઓનો તથા નાગરિકો તથા જે પ્રાઈવેટ પ્રેકટીશનરોએ પોતાની ડીસ્પેન્સરી/ રહેઠાણ/દુકાન વિગેરેનો ઉપયોગ રસીકરણ કેન્દ્ર ના રૂપે કરવા દઈ સહકાર આપ્યો છે, તેઓ તથા વર્તમાનપત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સિનેમાગૃહ, બી.એસ.એન.એલ., ગુજરાત ગેસ કાં., સુરત ટોરેન્ટ ઈલે.કાં., જી.ઈ.બી., સુમુલ ડેરી, સુપ્રિટેન્ડેન્ટશ્રી સુરત રેલ્વે, એસ.ટી. નિગમ તથા સુરત શહેરના તમામ નાગરિકોનો સુરત મહાનગરપાલિકા આભાર માને છે.

નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશનનો આગામી રાઉન્ડ તાઃ૨૧/૦૫/૨૦૦૬ થી તાઃ૨૪/૦૫/૨૦૦૬ દરમ્યાન રાખવામાં આવનાર છે.

"આ રાષ્ટ્રિય કાર્યક્રમમાં સહકાર આપી આપણા રાષ્ટ્રને પોલીયો મુકત બનાવવા માટે સહભાગી થઈએ "

TOP